મુંબઈમાં ગણેશજીની યાત્રા પર ઈંડા ફેંકાયા

મુંબઈ, તા. 24 (પીટીઆઈ) દક્ષિણ મુંબઈના મઝગાંવ વિસ્તારમાં ગણેશજીની મૂર્તિને પંડાલ સુધી લઈ જતી આગમન યાત્રા પર અજ્ઞાત વ્યક્તિઓએ કથિત રીતે ઈંડાં ફેંક્યાં હતાં, જેના કારણે શાંતિ જાળવી રાખવા માટે પોલીસે તે વિસ્તારમાં બંદોબસ્ત વધારી દીધો છે. એમ સોમવારે એક અધિકારીએ જણાવ્યું હતું. રવિવારે રાત્રે બનેલી આ ઘટના અંગે ભાયખલા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ 299 (ધાર્મિક ભાવનાઓને દુભાવવાના હેતુથી કરવામાં આવેલા સહેતુક અને મલિન કૃત્યો) અને 196 (અલગ-અલગ જૂથો વચ્ચે વૈમનસ્યને પ્રોત્સાહન આપવું) હેઠળ એફઆઈઆર નોંધી છે. અધિકારીએ જણાવ્યું હતું કે, 'મઝગાંવચા મોર્યા ગણેશોત્સવ મંડળ'ની ગણેશ મૂર્તિને જ્યારે પંડાલ તરફ લઈ જવામાં આવી રહી હતી ત્યારે કોન્ટિનેન્ટલ હાઇટ્સ બિલ્ડિંગમાંથી આગમન યાત્રા પર કથિત રીતે ઈંડાં ફેંક્વામાં આવ્યાં હતાં. એક ઈંડું કથિત રીતે મૂર્તિ પર પડ્યું હતું, જેનાથી યાત્રામાં સામેલ લોકો ગુસ્સે થયા હતા અને પોલીસ હસ્તક્ષેપ કરે તે પહેલાં તેઓ હાઇ-રાઇઝ બિલ્ડિંગ બહાર થોડો સમય એકઠા થઈ ગયા હતા.

11 સપ્ટેમ્બરે બેંક કર્મચારીઓની દેશવ્યાપી હડતાળની ચીમકી

સરકારી બેંકો સતત 4 દિવસ બંધ રહેવાની શક્યતા

5-ડે બેંકિંગ, PLI અને પેન્શન સહિતની માગણીઓ નહીં સંતોષાય તો 28 સપ્ટેમ્બરથી ફરી હડતાળ

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): બેંકિંગ ક્ષેત્રની નવ સંઘોની છત્ર સંસ્થા યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU)એ 5-ડે બેંકિંગ લાગુ કરવામાં વિલંબ, પરફોર્મન્સ-લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજના અને પેન્શન સંબંધિત મુદ્દાઓ સહિતની વિવિધ માંગણીઓને લઈને 11 સપ્ટેમ્બરે દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે.

હડતાળ થાય તો દેશના અનેક વિસ્તારોમાં ખાસ કરીને સરકારી બેંકોની સેવાઓ ચાર દિવસ સુધી પ્રભાવિત થઈ શકે છે. 11 સપ્ટેમ્બર શુક્રવાર છે અને ત્યારબાદ બે દિવસ બેંક રજા છે. કેટલાક રાજ્યોમાં 14 સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીની રજા પણ રહેશે. UFBUએ માગણીઓ નહીં સ્વીકારાય તો 28 સપ્ટેમ્બરથી ત્રણ દિવસની વધુ એક દેશવ્યાપી હડતાળ અને 26 ઓક્ટોબરથી અનિશ્ચિતકાળની હડતાળની પણ ચેતવણી આપી છે.

5 દિવસના બેંકિંગ અંગે યુનિયનોએ કહ્યું કે 8 માર્ચ, 2024ના 12મા દ્વિપક્ષીય સમાધાન હેઠળ ઈન્ડિયન બેંક્સ એસોસિયેશન (IBA) એ દરખાસ્ત સ્વીકારી હતી. તેમાં સોમવારથી શુક્રવાર કામના કલાકોમાં 40 મિનિટનો વધારો કરવાનો પ્રસ્તાવ હતો, પરંતુ બે વર્ષથી વધુ સમયથી સરકારની મંજૂરી બાકી છે.

PLI યોજનામાં પણ યુનિયનોનો વિરોધ છે. પેન્શન અપડેટ, તમામ પેન્શનરો માટે સમાન મોંઘવારી ભથ્થાની ગણતરી અને NPS હેઠળના કર્મચારીઓને જૂની પેન્શન યોજના (OPS) પસંદ કરવાનો વિકલ્પ આપવાની માગણીઓ પણ હજુ ઉકેલાઈ નથી.

લંડન ઝૂમાં પ્રાણીઓના સ્વાસ્થ્ય અને સુખાકારી પર નજર રાખવા માટે વર્ષમાં એક વાર તેમનું વજન કરીને નોંધવામાં આવે છે. ઝૂના કર્મચારીઓએ વિશ્વના સૌથી મોટા ઉંદરોથી લઈને લીલામાં લીલા તીડ સુધીના દરેક પક્ષી, સરિસૃપ અને સસ્તન પ્રાણીઓને વજનના કાંટા સુધી લાવવા માટે યુક્તિઓ વાપરવી પડે છે. દરેક માપણીને ઝૂઓલોજિકલ ઇન્ફોર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમમાં ઉમેરવામાં આવે છે. પ્રાણીસંગ્રહાલયના ઘણા બધાના પ્રાણીઓને વજન કાંટા પર ચડવાની તાલીમ આપવામાં આવી છે પરંતુ કેટલાક પ્રાણીઓને લલચાવવા માટે ખાસ ખોરાકની લાલચ આપવી પડે છે.

અમરાવતી હોસ્પિટલમાં ભીષણ આગ: 3 નવજાત બાળકે જીવ ગુમાવ્યા

વેન્ટિલેટરમાં શોર્ટ સર્કિટથી થઈ આ હોનારત

વાલીઓ-સિક્યુરિટી ગાર્ડ્સે જીવના જોખમે 36 બાળકોને બહાર કાઢ્યા

અમરાવતી (મહારાષ્ટ્ર), તા. 24 (પીટીઆઈ): મહારાષ્ટ્રના અમરાવતી સ્થિત સરકારી જિલ્લા મહિલા હોસ્પિટલના NICU (નવજાત શિશુ સંભાળ એકમ)માં વહેલી સવારે વેન્ટિલેટરમાં શોર્ટ સર્કિટના કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ હૃદયવિદારક હોનારતમાં 3 નવજાત શિશુઓના દર્દનાક મોત નીપજ્યા છે, જ્યારે 36 અન્ય શિશુઓને સુરક્ષિત બહાર કાઢી લેવાયા હતા.

ઘટના વખતે વોર્ડમાં 39 બાળકો દાખલ હતા. ફાયર સેફ્ટી એલાર્મ બંધ રહેતા અને વોટર સ્પ્રિંકલર કામ ન કરતા સ્થિતિ વધુ ગંભીર બની હતી. સિક્યુરિટી ગાર્ડ્સ અને બે નર્સોએ જીવના જોખમે બાળકોને બહાર કાઢી અન્ય હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં એક બાળકની હાલત નાજુક છે.

દુર્ઘટના પર મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ઊંડું દુઃખ વ્યક્ત કરીને ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. મૃતક શિશુઓના પરિવારજનોને 5 લાખની આર્થિક સહાયની જાહેરાત કરવામાં આવી છે. વિપક્ષી નેતાઓ અને સ્વજનોએ હોસ્પિટલ તંત્રની ઘોર બેદરકારી સામે આક્રોશ વ્યક્ત કર્યો છે.

ફાયર સેફ્ટી એલાર્મ વાગ્યું જ નહીં, વોટર સ્પ્રિંકલર પણ બંધ રહ્યા

આગની આ ભયાનક હોનારતમાં હોસ્પિટલ તંત્રની મોટી બેદરકારી સામે આવી છે. પીડિત વાલીઓ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, જ્યારે NICU વોર્ડમાં અચાનક આગ ફાટી નીકળી ત્યારે હોસ્પિટલનું ફાયર સેફ્ટી એલાર્મ વાગ્યું જ નહોતું અને છત પર લાગેલા વોટર સ્પ્રિંકલર (પાણીના છંટકાવની સિસ્ટમ) પણ બંધ રહ્યા હતા.

બે નર્સોએ જોખમ ઉપાડી બાળકોને બચાવ્યા

ડ્યુટી પર હાજર બે નર્સોએ જણાવ્યું કે, જ્યારે વેન્ટિલેટર બળી રહ્યું હતું ત્યારે જ અમે બાળકોને બહાર કાઢ્યા. તે ક્ષણ વર્ણવી શકાય તેમ નથી, અત્યંત ભયાનક દ્રશ્ય હતું. બાળકો તેની બાજુમાં જ સળગી રહ્યા હતા; અમે તેમને બચાવ્યા, ઇન્ક્યુબેટર બહાર ખેંચ્યું અને તેમને શિફ્ટ કર્યા. આઉટબોર્ન વિભાગના તમામ 9 બાળકો બહાર ન આવ્યા ત્યાં સુધી તેઓ સતત કામ કરતા રહ્યા હતા.

ચીન પ્રમુખ જિનપિંગ BRICS શિખર સંમેલન માટે ભારત આવી શકે

7 વર્ષ પછી જિનપિંગ ભારત આવશે

400 અધિકારીઓનું ડેલિગેશન સાથે રહેશે

3,488 કિમી લાંબી સીમા પર શાંતિ જાળવવા મુદ્દે થશે ચર્ચા

નવી દિલ્હી, તા. 24: ચીન પ્રમુખ શી જિનપિંગ આવતા મહિને 12 અને 13 સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં યોજાનાર બ્રિક્સ (BRICS) શિખર સંમેલનમાં ભાગ લેવા ભારત આવે તેવી પ્રબળ શક્યતા છે. સાત વર્ષમાં તેમની આ પ્રથમ ભારત મુલાકાત હશે, જેને બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો સુધારવાના સંકેત તરીકે જોવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, જિનપિંગ સાથે 400 જેટલા અધિકારીઓનું એક મોટું પ્રતિનિધિમંડળ પણ ભારત આવશે. વર્ષ 2019ની તેમની મુલાકાત દરમિયાન માત્ર 200 અધિકારીઓ સાથે આવ્યા હતા.

ચાઈનીઝ અધિકારીઓ હાલ દિલ્હીમાં સુરક્ષા અને હોટેલની વ્યવસ્થાને આખરી ઓપ આપી રહ્યા છે. વર્ષ 2020માં ગલવાન ખીણની હિંસક સૈન્ય અથડામણ બાદ બંને દેશો વચ્ચેના સંબંધો વણસ્યા હતા, પરંતુ ઓક્ટોબર 2024ના પીછેહઠ કરાર બાદ સ્થિતિ ધીમે ધીમે સુધરી રહી છે.

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ સીમા વિવાદ પર ચર્ચા કરવા સોમવારે બીજિંગ પહોંચ્યા છે અને વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરી રહ્યા છે. ચીની વિદેશ મંત્રાલયે જિનપિંગની મુલાકાત અંગે સીધો પુષ્ટિ આપ્યા વગર જણાવ્યું કે તેઓ ભારતની અધ્યક્ષતામાં યોજાનાર બ્રિક્સ સંમેલનને પૂર્ણ સમર્થન આપે છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વેપાર નીતિઓ વચ્ચે બંને દેશો વચ્ચે સહયોગ વધવાની શક્યતાઓ જોવા મળી રહી છે.

ડોભાલનો ચીન પ્રવાસ: સરહદ વિવાદ ઉકેલવા આજે બેઠક

સપ્ટેમ્બરમાં દિલ્હીમાં યોજાનાર બ્રિક્સ સંમેલન જિનપિંગની સંભવિત મુલાકાત પહેલા બેઠક મહત્વની

બીજિંગ, તા. 24 (પીટીઆઈ): ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ સોમવારે બીજિંગ પહોંચ્યા હતા, જ્યાં તેઓ મંગળવારે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે સરહદ વિવાદ અંગે સ્પેશિયલ રિપ્રેઝન્ટેટિવ્સ (SR) સ્તરની મહત્વપૂર્ણ વાર્તાલાપમાં ભાગ લેશે. આ બેઠક 12-13 સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં યોજાનાર બ્રિક્સ (BRICS) શિખર સંમેલનમાં ચીન પ્રમુખ શી જિનપિંગની સંભવિત ભારત મુલાકાત પહેલા યોજાઈ રહી હોવાથી અત્યંત મહત્વની માનવામાં આવે છે.

સમાચાર અનુસાર, વર્ષ 2020ની ગલવાન ખીણની હિંસક અથડામણ બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં ભારે તણાવ આવ્યો હતો, પરંતુ તાજેતરના સમયમાં સુધારાના પ્રયાસો થઈ રહ્યા છે. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને જણાવ્યું કે આ વાટાઘાટોમાં 3,488 કિમી લાંબી સીમા પર શાંતિ જાળવવા ઉપરાંત દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા થશે. વિદેશ મંત્રી એસ. જયશંકરે અગાઉ સ્પષ્ટ કર્યું હતું કે ચીન સાથે સંબંધો સામાન્ય કરવા માટે સરહદ પર શાંતિ અનિવાર્ય શરત છે. બીજિંગ પ્રવાસ દરમિયાન ડોભાલ ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ સાથે પણ મુલાકાત કરશે.

પેજ 3

ગોવિંદા-સુનીતાએ ઇન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કર્યા

મુંબઈ, તા. 24: ગોવિંદા અને તેમની પત્ની સુનીતા આહુજાના સંબંધોને લઈને એકવાર ફરી ચર્ચા તેજ થઈ ગઈ છે. બંનેએ ઇન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી દીધા છે. આ ફેરફાર એવા સમયે થયો છે, જ્યારે છેલ્લા કેટલાક દિવસોથી બંનેના સંબંધોમાં અણબનાવ અને છૂટાછેડાના સમાચાર ખૂબ ચર્ચામાં રહ્યા હતા. બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા ગોવિંદા અને તેમની પત્ની સુનીતા આહુજા એકવાર ફરી પોતાના સંબંધોને લઈને ચર્ચામાં છે. બંનેએ ઇન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી દીધા છે. સોશિયલ મીડિયા પર સામે આવેલો આ ફેરફાર એટલા માટે પણ ખાસ માનવામાં આવી રહ્યો છે કારણ કે, છેલ્લા કેટલાક સમયથી બંનેના સંબંધોને લઈને સતત સમાચારો સામે આવી રહ્યા છે.

ગોવિંદા સાથે ડિવોર્સની ચર્ચાઓ વચ્ચે પત્ની સુનીતાએ ખાટૂ શ્યામ મંદિરે કર્યા દર્શન

મુંબઈ, તા. 24: બોલિવૂડ અભિનેતા ગોવિંદા અને તેમનાં પત્ની સુનીતા આહુજા વચ્ચે છૂટાછેડાની અફવાઓ વચ્ચે સુનીતા તાજેતરમાં ખાટૂ શ્યામ મંદિરે પૂજા અર્ચના કરતી જોવા મળી હતી. એક વીડિયોમાં જોવા મળે છે કે સુનીતા હાથ જોડીને ભગવાનની મૂર્તિ સામે પ્રાર્થના કરી રહી છે. આ પહેલાં મુંબઈની ફેમિલી કોર્ટ બહાર પુત્ર યશવર્ધન સાથેનો તેમનો વીડિયો વાયરલ થયા બાદ છુટાછેડાની અફવાઓએ જોર પકડ્યું હતું. જોકે, ગોવિંદાના મેનેજર શશી સિન્હાએ આ અફવાઓને ફગાવતા સ્પષ્ટ કર્યું છે કે ડિવોર્સની અરજી પાછી ખેંચી લેવામાં આવી છે અને હવે બંને વચ્ચે બધું ઠીક છે.

રિતેશ દેશમુખે પેપરાઝી પાસેથી પૈસા ઉધાર લીધા

મુંબઈ, તા. 24 : એક્ટર રિતેશ દેશમુખ પૈસા ઉધાર આપનાર પેપરાઝીને સોશિયલ મીડિયાની મદદથી શોધી રહ્યો છે. હકીકતમાં રવિવારે મુંબઈના એક રેસ્ટોરન્ટ બહાર કેટલાક બાળકોએ તેમની પાસે મદદ માંગી, પરંતુ તે સમયે રિતેશ પાસે રોકડા પૈસા નહોતા. આ દરમિયાન ત્યાં હાજર એક પેપરાઝી એ રિતેશ તરફથી તે બાળકોને પૈસા આપી દીધા. હવે રિતેશ તે ફોટોગ્રાફરનું ઉધાર ચૂકવવા માંગે છે. આ માટે તેમણે ઇન્સ્ટાગ્રામ પર તે ફોટોગ્રાફરની તસવીર શેર કરીને લોકો પાસે તેનો કોન્ટેક્ટ નંબર શોધવાની અપીલ કરી છે. રવિવારે રિતેશ દેશમુખ પોતાની પત્ની જેનિલિયા ડિસોઝા સાથે મુંબઈના એક રેસ્ટોરન્ટમાં પહોંચ્યો હતા. રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળતાં જ પેપરાઝી તેમની તસવીરો ક્લિક કરવા લાગ્યા હતા.

મણિપુરમાં ફરી હિંસા: અંધાધૂંધ ગોળીબાર, ઘરો સળગાવાયા

બે જૂથો વચ્ચે ગોળીબારમાં સીઆરપીએફ જવાન ઘાયલ; સંયુક્ત દળોના સર્ચ

જિલ્લામાં સોમવારે બે જૂથો વચ્ચે થયેલા ગોળીબારમાં એક સીઆરપીએફ જવાન ઘાયલ થયો હતો અને અનેક ઘરો સળગાવી દેવામાં આવ્યાં હતાં, જેને પગલે સ્થાનિકો દ્વારા 'રસ્તા રોકો' આંદોલન કરવામાં આવ્યું હતું. એમ પોલીસે જણાવ્યું હતું.

ઈમ્ફાલ/સેનાપતિ, તા. 24 (PTI) મણિપુરના સેનાપતિ

ન્યૂઝીલેન્ડમાં પણ 16 વર્ષથી નીચેના માટે સોશિયલ મીડિયા બંધ થશે

16 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ઈન્સ્ટાગ્રામ, ટીકટોક અને ફેસબુકથી દૂર રાખવાની દરખાસ્ત

નિયમ નહીં પાળનારી ટેક કંપનીઓ પર વૈશ્વિક આવકના 10% સુધી દંડ

વેલિંગ્ટન, તા. 24 (એપી): ન્યૂઝીલેન્ડના વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સને 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના સોશિયલ મીડિયા ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા માટે કાયદો લાવવાની દરખાસ્ત કરી છે. લક્સને કહ્યું કે સોશિયલ મીડિયા યુવાનોની એક પેઢીને નુકસાન પહોંચાડી રહ્યું છે. જોકે, પ્રસ્તાવને કાયદો બનવા માટે જરૂરી સમર્થન મળતું નથી, કારણ કે સરકારમાં સામેલ ACT અને NZ First બંને પક્ષો તેનો વિરોધ કરી રહ્યા છે. વિપક્ષી લેબર પાર્ટીએ હજુ પોતાનું વલણ નક્કી કર્યું નથી.

લક્સને કહ્યું કે 2025ના સંશોધન મુજબ ન્યૂઝીલેન્ડના એક તૃતીયાંશ કિશોરો દરરોજ ઓછામાં ઓછા પાંચ કલાક સોશિયલ મીડિયા પર વિતાવે છે. તેમના જણાવ્યા મુજબ સોશિયલ મીડિયા હાનિકારક કન્ટેન્ટ, વ્યસનકારક ટેક્નોલોજી અને એવા દબાણો સામે બાળકોને મૂકે છે, જેનો સામનો કરવા તેઓ હજુ તૈયાર નથી.

ફૂટપાથ એ માનવ જીવનનો અભિન્ન ભાગ છે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, ૨૪ ઓગસ્ટ(પીટીઆઈ): ફુટપાથનું અસ્તિત્વ એ માનવ જીવનનો એક અભિન્ન ભાગ છે, એમ સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું. આ સાથે જ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રાહદારીઓ માટે યોગ્ય રીતે સીમાંકિત અને દબાણમુક્ત જગ્યા ઉભી કરવાના અમલીકરણ અંગે જવાબ આપવા નિર્દેશ આપ્યો છે.

ઋણ વસૂલી અધિકારી–II
ભારત સરકાર, (નાણા મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ)
વસુલાત અધિકારી સમક્ષ
ચોથો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, ટિપ્ક પેટ્રોલ પંપ સામે, એલીસબ્રીજ, અમદાવાદ–૩૮૦૦૦૬.
ફોર્મ નં. ૧૪ [જુઓ નિયમન ૩૩(૨)]

આર.પી/આર.સી. નં.	૧૫૦/૨૦૨૨	ઓ.એ. નં.	૨૩૮/૨૦૧૯
બેંક ઓફ ઈન્ડિયા		પ્રમાણપત્ર ધારક બેંક	
વિરૂધ્ધ			
મેસર્સ ક્રિષ્ણા લેબલ		પ્રમાણીત દેવાદાર	

માંગણા નોટીસ

પ્રતિ,
પ્રમાણીત દેવાદાર નં. ૧ : મેસર્સ ક્રિષ્ણા લેબલ (એક માલિકી પેઢી) : પ્લોટ નં. ૯૩–૯૪, ભોયતળીયુ, કળથીયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિભાગ–૨, સુરત–કામરેજ રોડ, મોજે: ખોલવડ, તાલુકા: કામરેજ, જી.સુરત.
પ્રમાણીત દેવાદાર નં. ૨ : શ્રી મનીષ બી. શેલડીયા : (એક માત્ર માલિકની પેઢી) : ફ્લેટ નં.સી૮૦૧, વ્રજરત્ન રેસીડેન્સી, વ્રજ ચોક, સરથાણા જકાતનાકા, વરાછા રોડ, સુરત

માનનીય મુખ્ય ઓફિસર, ડેબ્ટ્સ રિકવરી ટ્રીબ્યુનલ–II અમદાવાદ દ્વારા પસાર કરાયેલ **ઓ.એ.નં.૨૩૮/૨૦૧૯** માં જારી કરાયેલ રિકવરી સર્ટિફિકેટને ધ્યાનમાં રાખીને **રૂ.૧૩,૨૯,૪૩૮.૦૬/– (અંકે રૂપિયા તેર લાખ ઓગણત્રીસ હજાર ચારસો આડત્રીસ અને છ પૈસા પુરા) વ્યાજ સહિત તા.૨૮/૦૨/૨૦૧૯** ના રોજના અને **તા.૦૧/૦૩/૨૦૧૯** ના રોજથી વધારાનું વ્યાજ વત્તા કોસ્ટના **રૂ.૨૯,૫૦૦.૦૦** તમારી સામે બાકી છે. (જો, કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરવામાં આવશે).
અહીં તમને જણાવવમાં આવે છે કે ઉપરોકત રકમ નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં ભરપાઈ કરી દેવી તેમ કરવામાં કસૂર થયે નિયમ પ્રમાણે વસુલાત કરવામાં આવશે.
વધારામાં તમારે ઉપર દર્શાવેલ રકમ ઉપરાંત નીચે પ્રમાણે રકમ ચુકવવી પડશે.
(a) વસુલાત સર્ટીફીકેટમાં દર્શાવેલ શરત મુજબના ચુકવવા પાત્ર કોસ્ટ અને વ્યાજ
(b) બાકી રકમની વસુલાત માટે થતા તમામ કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ જેવા કે નોટીસ અંગેની કાર્યવાહી અને અન્ય આગળની કાર્યવાહીના.
મારી સહી અને પંચના સિક્કા સાથે આપવામાં આવ્યું ૦૮/૦૭/૨૦૨૬

આગળની સુનાવણીની તારીખ : ૧૧/૦૯/૨૦૨૬
સિક્કો
(રાજેશ કુમાર શર્મા)
વસુલી અધિકારી–II
ઋણ વસૂલી અધિકરણ–II, અમદાવાદ

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.
ફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022.

પરિશિષ્ટ IV [નિયમ 8(1)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે અધોહસ્તાક્ષરકર્તા, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)ના અધિકૃત અધિકારી હોવાના નાતે અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને તારીખ 27-મે-2026ની માંગણી નોટિસ જારી કરીને દેવાદાર, સહ-દેવાદારો અને જામીનદારો 1. ભરત બલિરામ ભામરે, 2. ભટાબાઈ ભરત ભામરેને નોટિસમાં જણાવેલ રકમ રૂ. 5,98,236.40 (રૂપિયા પાંચ લાખ અઠ્ઠાણું હજાર બસો છત્રીસ અને ચાલીસ પૈસા પૂરા) તારીખ 26-મે-2026 અનુસાર સદર માંગણી નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવવા આહ્વાન કર્યું હતું.
દેવાદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, આથી દેવાદાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ આ 20 ઓગસ્ટ, 2026ના રોજ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વાંચતા કાયદાની કલમ 13ની ઉપ-કલમ (4) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે.
ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ મિલકત સાથે કોઈ સોદો ન કરે અને મિલકતનો કોઈ પણ વ્યવહાર રૂ. 5,98,236.40 (રૂપિયા પાંચ લાખ અઠ્ઠાણું હજાર બસો છત્રીસ અને ચાલીસ પૈસા પૂરા)ની રકમ અને તેના પરના વ્યાજ માટે આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)ના બોજાને આધીન રહેશે.
સુરક્ષિત અસ્કયામતો (મિલકત) છોડાવવા માટે ઉપલબ્ધ સમય અંગે કાયદાની કલમ 13ની ઉપ-કલમ (8)ની જોગવાઈઓ તરફ દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

પ્લોટ નં. 185વાળી તમામ સ્થાવર મિલકતનો ટુકડો અને ભાગ, ક્ષેત્રફળ 50.67 ચો. વાર, (કેજેપી બ્લોક નં. 448/સબ પ્લોટ/2/185 મુજબ ક્ષેત્રફળ 42.38 ચો.મી.), "આરાધના ઓર્ચિડ"માં રસ્તા અને COPની જમીનમાં 26.25 ચો.મી. અવિભાજિત હિસ્સા સાથે, મહેસૂલી સર્વે નં. 344, જૂનો બ્લોક નં. 402, રી-સર્વે બ્લોક નં. 448 પર આવેલ, મોજે ગામ: હળદરુ, તા.: કામરેજ, જીલ્લો: સુરત, ગુજરાત-395010, અને જેની સીમાઓ: પૂર્વ: ખુલ્લો પ્લોટ, પશ્ચિમ: સોસાયટીનો આંતરિક રસ્તો, ઉત્તર: પ્લોટ નં. 184, દક્ષિણ: પ્લોટ નં. 186.

તારીખ: 20-08-2026
સ્થળ: ગુજરાત
લોન ખાતા નંબર: 30625789
સહી/-
અધિકૃત અધિકારી
આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)

બૈંક ઑફ બડૌદા Bank of Baroda
નાનપુરા શાખા : ૧–૧૮૯, જે.ટી. ચેમ્બર્સ, અથુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત–૩૯૫૦૦૩ ફોન : ૯૧૨૬૧–૨૪૬૨૩૪૧, (ગ્રૂપ) ૨૪૭૧૯૯૪ email : nanpur@bankofbaroda.com

કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૩.૦૧.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર / જામીનદાર શ્રી હિરેન્કુમાર બિપિનભાઈ મૈસુરીયા (દેવાદાર) અને શ્રીમતી દિવ્યાબેન હિરેન્કુમાર મૈસુરીયા (સહ–દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૮,૩૫,૨૩૬.૫૮/–(અંકે રૂા. અઢાર લાખ પાત્રીસ હજાર બસો છત્રીસ અને અઠ્ઠાવન પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.
દેવાદાર/જામીનદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૩મી ઓગષ્ટ સને ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.
દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ની ધારા (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.
ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં